## ૨૭ યોગાષ્ટક

મોક્ષેણ યોજનાદ્ યોગ: સર્વોઽપ્યાચાર ઇષ્યતે
વિશિષ્ય સ્થાનવર્ણાર્થાલમ્બનૈકાગ્ર્યગોચર: (૨૭-૧)

<u>શબ્દાર્થ:</u> મોક્ષેણ = મોક્ષની સાથે, યોજનાત્ = જોડવાથી, યોગ: = યોગ, સર્વોઽપિ = સર્વ, આચાર: = આચાર, ઇષ્યતે = કહેવાય છે, વિશિષ્ય = વિશેષ કરીને, સ્થાન = સ્થાન, વર્ણ = અક્ષર, અર્થ = અર્થજ્ઞાન, આલંબન = આલંબન, ઐકાગ્ર્ય: = એકાગ્રતા, ગોચર: = વિષયક

<u>વાક્યાર્થ:</u> મોક્ષની સાથે આત્માને જોડવાથી બધોય આચાર યોગ કહેવાય છે. વિશેષ કરીને સ્થાન (આસનાદિ), વર્ણ (અક્ષર), અર્થજ્ઞાન, આલંબન અને એકાગ્રતા વિષયક છે. (વિષયવાળો પાંચ પ્રકારનો યોગ છે).

<u>ભાવાર્થ:</u> આત્માનું કર્મની સાથે જોડાવું તેને પણ યોગ કહેવાય છે અને આત્માનું મોક્ષ સાથે જોડાવું તેને પણ યોગ કહેવાય છે. મન-વચન-કાયાની શુભાશુભ (શુભ+અશુભ) પ્રવૃત્તિ કર્મ બંધાવનાર હોવાથી સંસારહેતુ છે. આ યોગ આત્મપ્રદેશોની ચંચળતા (અસ્થિરતા) રૂપ હોવાથી આદરવા જેવો નથી.

આ અષ્ટકમાં મોક્ષની સાધના એટલે કે જ્ઞાન, દર્શન, ચારિત્ર (રત્નત્રયી) ની સાધના છે તેને યોગ કહેવાય છે.
સ્થાનયોગ, વર્ણયોગ, અર્થયોગ, આલંબનયોગ અને એકાગ્રતાયોગ એમ પાંચ પ્રકારનો યોગ મોક્ષના ઉપાયરૂપે જૈન આગમ શાસ્ત્રોમાં બતાવ્યો છે.

(૧) <u>સ્થાન</u> એટલે આસન અને મુદ્રા. પદ્માસન, સુખાસન, વગેરે આસનો, કાયોત્સર્ગ વગેરે મુદ્રાઓ છે.
(૨) <u>વર્ણ</u> એટલે અક્ષર. ધર્મક્રિયા વખતે બોલાતા શબ્દો
(૩) <u>અર્થ</u>: શબ્દોનો અર્થ. ધર્મક્રિયામાં બોલાતા સૂત્રોના અર્થ
(૪) <u>આલંબન</u>: ધ્યાન માટે આધાર તરીકે લેવાતી રૂપી વસ્તુ. પ્રતિમા, સ્થાપના...
(૫) <u>એકાગ્રતા</u>: રૂપી પદાર્થના આલંબન વગર ચિત્તની સ્થિરતારૂપ સમાધિ.
પહેલા ચાર પ્રકાર સવિકલ્પ સમાધિરૂપ છે. પાંચમો પ્રકાર નિર્વિકલ્પ સમાધિરૂપ છે.

યોગદશાના સેવનથી કાળાન્તરે મોક્ષ પ્રાપ્ત થાય એવું બહુ ઓછાઓમાં બને છે. આ રાજમાર્ગ છે અને અલ્પ પ્રયાસથી મોક્ષ પ્રાપ્ત થાય તે અપવાદ માર્ગ છે. બેસવાનો ઢંગ નહિ, સૂત્ર ઉચ્ચારણની શુદ્ધિ નહીં, અર્થ પ્રત્યે ઉપેક્ષા, મુદ્રાઓનો ખ્યાલ નહિ, અને આલંબન પ્રત્યે બેદરકારી ... આવો યોગ આત્માને મોક્ષ સાથે ન જોડે.

કર્મયોગદ્વયં તત્ર જ્ઞાનયોગત્રયં વિદુઃ
વિરતેષ્વેવ નિયમાદ્ બીજમાત્રં પરેષ્વપિ (૨૭-૨)

શબ્દાર્થ: કર્મયોગદ્વયં = બે કર્મયોગ, તત્ર = તેમાં, જ્ઞાનયોગત્રયં = ત્રણ જ્ઞાનયોગ, વિદુઃ = જાણે છે, વિરતેષુ = વિરતિવાળામાં, એવ = જ, પ(
નિયમાત્ = નિયમથી, અવશ્ય હોય; બીજમાત્રં = માત્ર બીજરૂપ; પરેષુ = બીજામાં; અપિ=

શ્લોકાર્થ: તેમાં બે કર્મયોગ અને ત્રણ જ્ઞાનયોગ છે એમ (જ્ઞાનીઓ) જાણે છે. એ વિરતિવંતમાં નિયમથી હોય છે અને બીજાઓમાં માત્ર બીજ રૂપે હોય છે.

ભાવાર્થ: મોક્ષની આરાધના માટે સ્થાન, વર્ણ, અર્થ, આલંબન અને એકાગ્રતા એમ પાંચ પ્રકારના યોગ કહ્યા છે. તેમાં પ્રથમના બે ભેદ ક્રિયાયોગ છે અને પછીના ત્રણ જ્ઞાનયોગ છે. જ્ઞાન અને ક્રિયા બંને સાથે હોય તો જ મોક્ષ છે. માટે કહ્યું છે:
જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ: ફક્ત જ્ઞાનયોગથી કે ફક્ત ક્રિયાયોગથી મોક્ષ નથી.
સ્થાન અને વર્ણ, આ બેમાં ક્રિયાની મુખ્યતા હોવાથી તેમને ક્રિયાયોગ કહ્યા છે. કાયોત્સર્ગ, પદ્માસન, વજ્રાસન, સુખાસન વગેરે આસનો છે. યોગમુદ્રા, મુક્તાસુક્તિમુદ્રા, અને જિનમુદ્રા વગેરે મુદ્રાઓ ક્રિયાયોગ છે. આપણી ધર્મક્રિયા જેવી કે સામાયિક, પ્રતિક્રમણ, ગુરુવંદન, ચૈત્યવંદન, પડિલેહણ વગેરેમાં કેટલીક ગૃહસ્થો માટે અને કેટલીક મુનિ માટે હોય છે. આસન અને મુદ્રા શાસ્ત્રકારોએ જે પ્રમાણે કહ્યા હોય તે પ્રમાણે કરવાથી વિશેષ ફળ મળે છે, મન ફાવે તેમ કરવાથી ધાર્યું ફળ મળતું નથી.
ક્રિયાયોગમાં મનની સ્થિરતા, ચિત્તની પ્રસન્નતા તો જ પ્રાપ્ત થાય, જો એના અર્થનું જ્ઞાન હોય. અર્થજ્ઞાન એવી રીતે મેળવવું જોઈએ કે જેથી સૂત્રોનું આલંબન લીધા વિના સીધી અર્થની સંકલના ચાલે અને એના ભાવમાં મન ખેંચાતુ જાય,
દેશવિરતિધર શ્રાવક-શ્રાવિકા અને સર્વવિરતિધર સાધુ-સાધ્વીજી ૫-૬-૭ ગુણઠાણે વર્તતા હોવાથી સમ્યગ્દૃષ્ટિ છે. કર્મ ખપાવવાનો ઉત્સાહ હોવાથી વિધિ-પૂર્વક ક્રિયા કરે છે.
વિરતિધર વિનાના જીવો જેવા કે અપુનર્બંધક, માર્ગાનુસારી, અવિરત સમ્યગ્દૃષ્ટિ વગેરે પ્રાથમિક કક્ષાના જીવો છે. માટે પાંચેય યોગ અલ્પમાત્રાએ- બીજરૂપે હોય છે, તે પણ જરૂર છે. બીજમાંથી વૃક્ષ થાય છે.

કૃપાનિર્વેદસંવેગ - પ્રશમોત્પત્તિકારિણઃ ।
ભેદાઃ પ્રત્યેકમ્ અત્ર - ઇચ્છા પ્રવૃત્તિ સ્થિરસિદ્ધયઃ (૨૭-૩)

શબ્દાર્થ: કૃપા = કૃપા, નિર્વેદ = નિર્વેદ, સંસાર પ્રત્યે અભાવ, સંવેગ = મોક્ષની અભિલાષા, પ્રશમ = પ્રશમ, ઉત્પત્તિકારિણઃ = ઉત્પત્તિ કરનારા, ભેદાઃ = ભેદો, પ્રત્યેકમ્ = પ્રત્યેકના, અત્ર = અહીં, ઇચ્છા = ઇચ્છા, પ્રવૃત્તિ = પ્રવૃત્તિ; સ્થિરસિદ્ધયઃ = સ્થિરતા અને સિદ્ધિ.

શ્લોકાર્થ: અહીં પ્રત્યેક યોગના ઇચ્છા, પ્રવૃત્તિ, સ્થિરતા અને સિદ્ધિ એ ચાર ભેદો છે. તે કૃપા, નિર્વેદ, સંવેગ, અને પ્રશમની ઉત્પત્તિ કરનારા છે.

ભાવાર્થ: આગળ જણાવેલા પાંચ યોગના, પ્રત્યેકના ચાર પ્રકાર છે. આ ચાર પ્રકાર છે - ઇચ્છા, પ્રવૃત્તિ, સ્થિરતા અને સિદ્ધિ. દરેકના ચાર ભેદો ગણતાં પાંચ યોગના બધું મળીને વીસ (૨૦) ભેદો છે.

પહેલો યોગ છે સ્થાન. સ્થાનયોગમાં આસન અને મુદ્રાઓની ઇચ્છા થાય, ત્યારપછી તેમાં પ્રવૃત્તિ થાય અર્થાત્ જે ધર્મક્રિયામાં જે આસન અને મુદ્રા રાખવાના હોય તે રાખે. પછી તેમાં સ્થિરતા આવે અને એમ કરતાં આસન અને મુદ્રા સિદ્ધ થાય.

આ રીતે વર્ણ, અર્થ, આલંબનમાં ઇચ્છાથી સિદ્ધિ સુધી પહોંચાય છે.

આલંબનરહિત (એકાગ્રતા) નિર્વિકલ્પ સમાધિરૂપ છે. એમાં ઇચ્છા ન હોય પરંતુ તેવા નિર્વિકલ્પ યોગીઓની પ્રશંસા કરે. પછી એવા યોગી બનવાના ઉપાયોમાં પ્રવૃત્તિ કરે. મન સ્થિર બનતું જાય અને એવો નિરાલંબન યોગી બની જાય કે બીજા બધાને પણ તે પોતાના યોગ તરફ આકર્ષે.

આ પાંચ યોગોથી આત્મામાં કૃપા, નિર્વેદ, સંવેગ અને પ્રશમ પ્રગટ થાય છે.
(૧) કૃપા એટલે અનુકંપા. દુઃખી જીવોને જોઈને એમના દુઃખ દૂર કરવાનો અથવા દુઃખ દૂર થાય તેવો ભાવ જાગે. (૨) નિર્વેદ - ચાર ગતિમય સંસારના દુઃખો જાણીને કે અનુભવીને ત્રાસ થાય અને એમાંથી મુક્ત થવા માટે ભાવ થાય. (૩) સંવેગ - મોક્ષ માટેની તીવ્ર અભિલાષા, આત્માના જ્ઞાનાદિ ગુણોને પ્રગટાવવા માટેની પ્રબળ ભાવના (૪) પ્રશમ - એટલે ઉપશમ. ક્રોધ-માન-માયા-લોભ એ ચાર કષાયોને શાંત કરવાનો પુરુષાર્થ.

આ પ્રમાણે યોગના ૫×૪ = ૨૦ ભેદ થાય છે.

ઇચ્છા તદ્વત્કથાપ્રીતિઃ પ્રવૃત્તિઃ પાલનં પરમ્
સ્થૈર્યં બાધકભીહાનિઃ સિદ્ધિરન્યાર્થ સાધનમ્ (૨૭-૭)

શબ્દાર્થ: ઇચ્છા = ઇચ્છાયોગ, તદ્વત્ = તે પ્રમાણે, કથાપ્રીતિ = કથા પ્રીતિ, પ્રવૃત્તિ := પ્રવૃત્તિયોગ; પાલનં = પાલન; પરં = વિશેષ, સ્થૈર્યં = સ્થિરતાયોગ, બાધકભીહાનિઃ = બાધક (અતિચાર) ના ભયનો ત્યાગ; સિદ્ધિઃ = સિદ્ધિયોગ, અન્યાર્થસાધનં = બીજાના અર્થનું સાધન

શ્લોકાર્થ: તે પ્રમાણે કથામાં પ્રીતિ તે ઇચ્છાયોગ છે, તેનું (યોગનું) સર્વથા પાલન તે પ્રવૃત્તિયોગ છે. બાધકના (અતિચારોના) ભયનો અભાવ તે સ્થિરતાયોગ છે અને પરાર્થનું (બીજાઓના હિતનું) સાધન તે સિદ્ધિયોગ છે.

ભાવાર્થ: આ શ્લોકમાં ઇચ્છા, પ્રવૃત્તિ, સ્થિરતા અને સિદ્ધિ એ ચાર યોગોની સંક્ષિપ્ત વ્યાખ્યા આપવામાં આવી છે. આ ચારે યોગ ક્રમસર છે અને ઉત્તરોત્તર વધુ વિકાસવાળા છે.

(૧) ઇચ્છાયોગ: આ યોગવાળાને સાધક થવાની ઇચ્છા જાગે છે તેને સાધુઓને જોઈને આનંદ થાય છે. ધાર્મિક કથાઓમાં રસ પડે છે. પોતે ક્યારે મુનિ થશે એવા કોડ જાગે છે. સાંસારિક ભોગવિલાસની વાતોમાં રસ નથી પડતો.

(૨) પ્રવૃત્તિયોગ: સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, અને સમ્યક્ચારિત્ર વગેરે શુદ્ધ આત્મગુણોમાં વૃદ્ધિ કરવા માટે ધર્મક્રિયા કરવારૂપ ક્રિયાયોગનું અને શાસ્ત્રાભ્યાસ કરવા રૂપ જ્ઞાનયોગનું ઉત્કૃષ્ટપણે પાલન કરવું તે પ્રવૃત્તિયોગ કહેવાય છે. સાધન-સામગ્રીના અભાવમાં યોગ સેવી ન શકાય પણ સેવવાની તમન્ના તે ઇચ્છાયોગ અને સાધન-સામગ્રીવાળા કાળમાં તે યોગમાં જોડાવું તે પ્રવૃત્તિયોગ કહેવાય.

(૩) સ્થિરતાયોગ: સતત અભ્યાસથી પ્રવૃત્તિમાં સ્થિરતા આવે છે. દોષો, અતિચારો વગેરે નીકળી જાય છે. પછી અતિચારોનો ભય રહેતો નથી. સાધક નિર્ભયતા, શાંતિ અને પ્રસન્નતા અનુભવે છે.

(૪) સિદ્ધિયોગ: બીજાના હિતને સાધવું તે સિદ્ધિયોગ છે. સિદ્ધિયોગીઓનાં અંતઃકરણમાં જગતના સર્વ જીવોના કલ્યાણનો ભાવ સતત રહેતો હોય છે. એમની સાધના પણ એવી ઉચ્ચ કોટિની હોય છે. હિંસક પ્રાણીઓ એમની પાસે આવીને શાન્તિથી બેસી જાય છે. એમના સાન્નિધ્યમાં હિંસા, ચોરી, અસત્ય, અબ્રહ્મ રહી શકતા નથી.

અર્થાલમ્બનયોઃ ચૈત્ય-વન્દનાદૌ વિભાવનમ્
શ્રેયસે યોગિનઃ સ્થાન-વર્ણયોઃ યત્ન એવ ચ (૨૭-૫)

<u>શબ્દાર્થ</u>: અર્થાલમ્બનયોઃ = અર્થ અને આલંબનનું; ચૈત્યવન્દનાદૌ = ચૈત્યવંદનાદિ ક્રિયામાં; વિભાવનં = વારંવાર સ્મરણ કરવું; શ્રેયસે = શ્રેય માટે, કલ્યાણ માટે; યોગીનઃ = યોગીના; સ્થાનવર્ણયોઃ = સ્થાન અને વર્ણમાં; યત્ન એવ = ઉદ્યમ જ; ચ = અને

<u>શ્લોકાર્થ</u>: ચૈત્યવંદનાદિમાં અર્થ અને આલંબનનું સ્મરણ કરવું અને સ્થાન તથા વર્ણમાં ઉદ્યમ જ, યોગીના કલ્યાણ માટે છે.

<u>ભાવાર્થ</u>: જે જે સૂત્રો બોલાતા હોય તેના ભાવાર્થ વિચારવા તે અર્થયોગ. અરિહંત પરમાત્માની પ્રતિમાના આલંબને અરિહંત પરમાત્માના સ્વરૂપ-ચિંતનમાં ઉપયોગની એકાગ્રતા તે આલંબનયોગ.

ચૈત્યવંદન અને કાયોત્સર્ગ આદિ ક્રિયાવખતે પદ્માસન, વજ્રાસન આદિ આસનો અને યોગમુદ્રા, જિનમુદ્રા, અને મુક્તાશુક્તિ મુદ્રા વગેરે આસનો અને મુદ્રા સાચવવા તે સ્થાનયોગ. બે હાથ જોડવા, આંગળીઓ પરસ્પર આંતરામાં ભરાવવી, જમણા હાથની પહેલી આંગળી ઉપર રાખી પરસ્પર આંગળીઓ ગોઠવવી, પેટ ઉપર કોણીનો ભાગ રાખવો તે યોગમુદ્રા કહેવાય છે. ચૈત્યવંદન, નમુત્થુણં વગેરે સૂત્રો બોલતાં યોગમુદ્રા સાચવવી જોઈએ. કાયોત્સર્ગ વગેરેમાં જિનમુદ્રા કરાય છે.

જાવંતિ ચેઈઆઈં, જાવંત કેવિ સાહૂ અને જયવીયરાય સૂત્ર બોલતી વખતે મુક્તાશુક્તિ મુદ્રા કરાય છે. આ બધો સ્થાનયોગ કહેવાય છે.

વર્ણ એટલે અક્ષરો (સ્વરો અને વ્યંજનો) બોલવા, અને બોલતી વખતે ઉચ્ચારો સ્પષ્ટ અને શુદ્ધિપૂર્વક બોલવા તે વર્ણયોગ કહેવાય છે.

આ રીતે તન અને ~~મન~~ વચન ઉપર કાબૂ પ્રાપ્ત કરી યોગી મનને વશ કરવાની સાધના આરંભે છે. તે માટે તે આવશ્યક ક્રિયાઓના સૂત્રોના અર્થનું જ્ઞાન મેળવે છે. સાથે સાથે જિનપ્રતિમા આદિનું આલંબન લઈને આનંદ પામે છે.

યોગી આ રીતે પોતાનો કલ્યાણમાર્ગ પ્રશસ્ત બનાવે છે. યોગીનું આભ્યંતર (Internal) સુખ યોગી જ અનુભવી શકે છે. ભોગી અને જોઈ કે અનુભવી શકતો નથી. યોગી પોતાનું સુખ ભોગીને બતાવી કે કરી શકતો નથી.

આલમ્બનમિહ જ્ઞેયં દ્વિવિધં રૂપ્યરૂપિ ચ
અરૂપિગુણ સાયુજ્યયોગ: અનાલંબન: પર: (૨૭-૭)

શબ્દાર્થ: આલમ્બનં = આલંબન; ઇહ = અહીં; જ્ઞેયં = જાણવું; દ્વિવિધં = બે પ્રકારે; રૂપિ = રૂપી; અરૂપિ = અરૂપી; ચ = અને; અરૂપિગુણ = સિદ્ધના સ્વરૂપ સાથે; સાયુજ્યયોગ: = તન્મયતાપણારૂપ યોગ; અનાલંબન: = અનાલંબન યોગ; પર: = ઉત્કૃષ્ટ

શ્લોકાર્થ: અહીં આલંબન રૂપી અને અરૂપી એમ બે પ્રકારે જાણવું. અરૂપી ગુણ (સિદ્ધસ્વરૂપ) ની સાથે તન્મયપણારૂપ યોગ તે ઉત્કૃષ્ટ અનાલંબન યોગ છે.

ભાવાર્થ: મોક્ષ માર્ગની સાધનામાં બે પ્રકારના આલંબન છે. એક રૂપી આલંબન અને બીજું અરૂપી આલંબન.
પરમાત્માની પિંડસ્થ, પદસ્થ અવસ્થાનું આલંબન રૂપી-આલંબન છે. અરૂપી (રૂપાતીત) આલંબનમાં સિદ્ધ પરમાત્માના ગુણો સાથે તાદાત્મ્ય અનુભવાય છે. પરમાત્માના ગુણોની તન્મયતારૂપ સૂક્ષ્મ અનાલંબન - ઇન્દ્રિયોને અગોચર હોવાથી - યોગ કહ્યો છે.
પાંચમો એકાગ્રતા યોગ તેજ અનાલંબન યોગ. સ્થાન - વર્ણ - અર્થ અને આલંબન આ ચાર યોગ સવિકલ્પ - સમાધિરૂપ છે. જ્યારે પાંચમો અનાલંબન યોગ નિર્વિકલ્પ સમાધિરૂપ છે.
અશુભ ભાવોમાંથી શુભ ભાવોમાં જવું પડે, પછી શુભમાંથી શુદ્ધ ભાવોમાં જવાય. જિન મૂર્તિના પવિત્ર આલંબનથી હૃદયમાં ઉલ્લાસ પ્રગટે છે. પરમાત્માના આલંબનથી ધ્યાનમાં સ્થિરતા આવે છે. એમ કરતાં કરતાં આપણો આત્મા પરમાત્મસ્વરૂપ સાથે એવું તાદાત્મ્ય (to merge with Bhagwan) પ્રાપ્ત કરશે કે આત્મા - પરમાત્માનો ભેદ નહીં રહે. અભેદભાવે મિલન થશે. ત્યાં કોઈ વિકલ્પ રહેતો નથી. વિકલ્પમાં ભેદ હોય, અભેદમાં નિર્વિકલ્પ દશા હોય. સૂક્ષ્મમાં પ્રવેશ્યા પછી સ્થૂલની અપેક્ષા રહેતી નથી.
સૂક્ષ્મ આત્મગુણોનું તાદાત્મ્ય સાધનાર યોગી 'યોગનિરોધ'ની પાસે પહોંચી જાય છે. તેરમે ગુણસ્થાને યોગનિરોધ થાય છે.
૧ થી ૭ ગુણસ્થાનકોમાં રહેલા સાધકો માટે તો પહેલા ચાર યોગો જ આરાધવાના છે. પરંતુ અનાલંબન યોગનું સ્વરૂપ જાણવું આવશ્યક છે જેથી આપણું ધ્યેય સ્પષ્ટ બને. અનાલંબન યોગને "ધારાવાહી પ્રશાંતવાહિતા' પણ કહેવાય છે. ૧૩-૧૪ ગુણસ્થાને આત્મગુણોની ધારામાં રહે-

પ્રીતિ-ભક્તિ-વચોઽસંગૈઃ સ્થાનાદ્યપિ ચતુર્વિધમ્
તસ્માત્ અયોગયોગાપ્તે મોક્ષયોગઃ ક્રમાત્ ભવેત્ (૨૭-૭)

<u>શબ્દાર્થ</u>: પ્રીતિ-ભક્તિ-વચોઽસંગૈઃ = પ્રીતિ અનુષ્ઠાન, ભક્તિ અનુષ્ઠાન, વચન અનુષ્ઠાન અને અસંગ અનુષ્ઠાન વડે; સ્થાનાદ્યપિ = સ્થાનાદિ યોગ પણ; ચતુર્વિધમ્ = ચાર પ્રકારના છે; તસ્માત્ = તેથી; અયોગયોગાપ્તે = અયોગ-યોગના નિરોધરૂપ યોગની પ્રાપ્તિ થવાથી; મોક્ષયોગઃ = મોક્ષરૂપી યોગ; ક્રમાત્ = અનુક્રમે; ભવેત્ = પ્રાપ્ત થાય છે.

<u>શ્લોકાર્થ</u>: પ્રીતિ, ભક્તિ, વચન અને અસંગ અનુષ્ઠાન વડે સ્થાનાદિ યોગ પણ ચાર પ્રકારે છે. તેથી યોગથી અયોગ (યોગના નિરોધરૂપ યોગ) ની પ્રાપ્તિ થતાં અનુક્રમે મોક્ષયોગ પ્રાપ્ત થાય છે.

<u>ભાવાર્થ</u>: ત્રીજા શ્લોકમાં સ્થાનાદિ યોગના ૨૦ પ્રકાર બતાવ્યા. હવે એ ૨૦ પ્રકારોના પ્રીતિ, ભક્તિ, વચન અને અસંગ એમ ચાર ભેદ બતાવે છે. આમ યોગના કુલ ૮૦ ભેદ નીચે પ્રમાણે:

- ૫ (પાંચ) યોગ: સ્થાન, વર્ણ, અર્થ, આલંબન, એકાગ્રતા
- ૪ યોગ: ઇચ્છા, પ્રવૃત્તિ, સ્થિરતા, સિદ્ધિ
- ૪ (પ્રીતિ, ભક્તિ, વચન અને અસંગ)
- → ૫×૪ = ૨૦ અને ૨૦×૪ = ૮૦ પ્રકારના યોગ થાય.

(૧) <u>પ્રીતિ અનુષ્ઠાન</u>: પ્રીતિ એટલે પ્રેમ, રુચિ અથવા અનુરાગ. સાધકને આ અનુષ્ઠાન એવું ગમે છે કે બીજું છોડીને એ જ કરવાનું મન થાય. એના પ્રત્યે એક પ્રકારની નિષ્ઠા રહે છે. પ્રીતિ અનુષ્ઠાનને પત્ની પ્રત્યેના પ્રેમની સાથે સરખાવવામાં આવે છે. પ્રેમ હોવાને કારણે ચૈત્યવંદન, સામાયિક, પ્રતિક્રમણ વગેરે ક્રિયાઓમાં ભાવની ભરતી રહે છે.

(૨) <u>ભક્તિ અનુષ્ઠાન</u>: ભક્તિ અનુષ્ઠાન જો ક્રિયાથી જોઈએ તો પ્રીતિ અનુષ્ઠાનની તુલ્ય છે, પરંતુ હૃદયમાં બહુમાન, પૂજ્યભાવ, ગૌરવ વિશેષ હોવાથી મન-વચન-કાયાના યોગ વિશેષ વિશુદ્ધ હોય. પ્રીતિ અને ભક્તિ અનુષ્ઠાન વચ્ચેનો તફાવત સમજાવવા માટે શ્રી હરિભદ્રસૂરિજીએ 'ષોડશક' ગ્રંથમાં પત્ની અને માતાનું દૃષ્ટાંત આપ્યું છે. પત્ની અને માતા બંને અત્યંત પ્રિય હોવા છતાં અને બંનેના પાલનનું કાર્ય સરખું હોવા છતાં પત્નીનું કાર્ય પ્રીતિથી અને માતાનું કાર્ય ભક્તિથી થાય છે.

(૩) વચન અનુષ્ઠાન: વચન એટલે જિનેશ્વર ભગવાનનું વચન, આગમનું વચન.
સાધુ ભગવંતો માટે વચન અનુષ્ઠાન વિશેષ મહત્વનું છે. બધા ધર્મવ્યાપારમાં ચારિત્રશીલ સાધુઓ ભગવાનના વચનનો સહારો અનુસરે છે. શાસ્ત્રાજ્ઞાનું પાલન તેઓ ઔચિત્યપૂર્વક કરે છે.

(૪) અસંગ અનુષ્ઠાન: શાસ્ત્રવચનો એવા કંઠસ્થ, હૃદયસ્થ થઈ ગયા હોય છે કે શાસ્ત્રગ્રંથો વિના પણ મુનિઓ યોગ્ય ક્રિયાઓ સહજભાવે કરે છે અથવા તો તે એમના જીવનમાં વણાઈ ગઈ હોય છે. જેમ ચંદનમાંથી સુવાસ સહજભાવે આવે છે તેમ બધી જ ધર્મક્રિયાઓ સાધુ મહાત્મા માટે સહજ બની જાય છે.

વચન અનુષ્ઠાન અને અસંગ અનુષ્ઠાનમાં એક અંતર છે. કુંભાર દંડથી ચક્ર ઘુમાવે છે પછી દંડ વિના પણ ચક્ર ફરતું રહે છે. તેમ વચનઅનુષ્ઠાન શાસ્ત્રની આજ્ઞાથી થાય છે. પછી શાસ્ત્રના સંસ્કારમાત્રથી, શાસ્ત્રની અપેક્ષા વિના, સહજભાવે પ્રવૃત્તિ કરે તો અસંગ અનુષ્ઠાન.

પ્રીતિ, ભક્તિ, વચન અને અસંગ આ ચાર અનુષ્ઠાનોમાં પહેલા બે અનુષ્ઠાન મુખ્યત્વે શ્રાવકો માટે છે, અને તે અભ્યુદયના ફળવાળા અને સ્વર્ગના કારણ છે.
છેલ્લા બે અનુષ્ઠાન મુખ્યત્વે સાધુઓ માટે છે અને તે મોક્ષના કારણ છે.

૨૭ : યોગભેદક

સ્થાનાદિ અયોગીન તીર્થો-ચ્છેદાદિ આલંબનાત્ અપિ
સૂત્રદાને મહાદોષ: ઇત્યાચાર્યા: પ્રચક્ષતે (૨૭-૮)

શબ્દાર્થ: સ્થાનાદિ = સ્થાનાદિ, અયોગિન = અયોગીને, યોગરહિતને, તીર્થોચ્છેદાદિ = તીર્થનો ઉચ્છેદ થાય ઇત્યાદિ, આલંબનાત્ = આલંબનથી, અપિ=પણ; સૂત્રદાને = સૂત્રો શીખવવામાં, મહાદોષ = મોટો દોષ. ઇતિ = એ પ્રમાણે; આચાર્યા: = આચાર્યો; પ્રચક્ષતે = કહે છે.

શ્લોકાર્થ: સ્થાનાદિ યોગરહિતને 'તીર્થનો ઉચ્છેદ થાય' એવા કારણોથી પણ સૂત્ર શીખવવામાં મોટો દોષ છે, એમ આચાર્યો કહે છે.

ભાવાર્થ: સ્થાનયોગ, વર્ણયોગ ઇત્યાદિમાં પ્રવૃત્તિ કરવા રૂપે યોગદશા જે આત્મામાં પ્રગટી નથી તેવા આત્માને ચૈત્યવંદન વગેરે સૂત્રો આપવામાં (સૂત્રપાઠ ભણાવવામાં) આપનારાને મહાદોષ લાગે એમ પૂર્વે થઈ ગયેલા આચાર્ય મહાપુરુષો કહે છે.

પ્રશ્ન: જો તમે સ્થાનાદિ યોગ વિનાને સૂત્રપાઠ નહીં આપો તો પાંચમા આરાના છેડા સુધી રહેનારું પરમાત્માનું શાસન વહેલું વિચ્છેદ પામશે. ઊંચી યોગદશાવાળા પુરુષો હોય નહીં અને યોગદશા વિનાનાને સૂત્રપાઠ અપાય નહીં તો તેનો અર્થ એ થશે કે સારા જીવો ન હોવાથી અને અયોગ્ય જીવોને સૂત્રપાઠ ન આપવાથી પરમાત્માનું શાસન ત્યાં જ વિચ્છેદ પામશે. આ બરાબર થતું નથી માટે સ્થાનાદિ યોગ ન હોય તેવા જીવને પણ સૂત્રપાઠ આપવો જોઈએ જેથી શાસન તો છેવટે ચાલુ રહે. એવા જીવોથી પણ મહાવીરપ્રભુનું શાસન ચાલુ રહે તે માટે અયોગ્યને પણ સૂત્રદાન આપવું જોઈએ. નિષેધ શું કામ કરો છો?

સમાધાન: "અયોગ્ય જીવને જો સૂત્રદાન નહીં કરીએ તો તીર્થનો ઉચ્છેદ થઈ જશે" જો આવા બહાનાં નીચે પણ યોગદશા વિનાના જીવને સૂત્રદાન આપવામાં આવે તો આપનારને મહાદોષ લાગે એમ હરિભદ્રસૂરીજી આદિ મહાત્માઓ કહે છે.

આસ્તિકતા આદિ વિશિષ્ટ ગુણો જેમાં ન હોય એવા નાસ્તિકને સૂત્રનું દાન કરવામાં આવે તો તે જીવ ઉત્સૂત્ર પ્રરૂપણા

કરનાર બને, પોતાનામાં એવા વિશિષ્ટ ગુણો નથી અને અધિકાર મળી જાય તો મન ફાવે તેમ વર્તે, સ્વચ્છંદના વધે, મન ફાવે તેવા અર્થો કરીને સૂત્ર વિરૂધ્ધ પ્રરૂપણા કરે. તેથી જ જીવો અવળા માર્ગે વળે. આ જ સાચો તીર્થનો ઉચ્છેદ થયો કહેવાય.

સાચા માર્ગે ચાલનારા થોડા હોય તો પણ તે માર્ગ કહેવાય. શાસ્ત્ર વિરૂધ્ધ ચાલનારા ઘણા હોય તો પણ તે ઉન્માર્ગ જ કહેવાય.

થોડા જીવો હોય પણ પરમાત્માની આજ્ઞા પ્રમાણે ચાલતા હોય તેને સંઘ-તીર્થ કહેવાય. માટે અપાત્રને સૂત્રદાન દેવું નહીં.

ભિન્ન ભિન્ન સંપ્રદાયો અને ભિન્ન ભિન્ન મતો થવાથી કાલાન્તરે મૂળસૂત્ર અને મૂળભૂત ક્રિયામાર્ગનો નાશ થઈ જાય. ઉન્સૂત્ર પ્રરૂપણા કરનારો જીવ પણ અનંત સંસારી થાય, નરકગામી થાય, તેનું પણ અહિત થાય. માટે અપાત્રને વિદ્યા ન આપવી.

કોઈ સ્વયં મૃત્યુ પામી જાય તે જુદી વસ્તુ છે પણ તેને મારવો ઉચિત નથી. અર્થાત્ સ્વયં મરે અને મારી નાખવામાં આવે, આ બન્ને સરખા નથી. તેમ સ્વયં તીર્થનો ઉચ્છેદ થાય અને આપણે અપાત્રને વિદ્યા આપીએ અને તેના દ્વારા તીર્થનો ઉચ્છેદ કરાવીએ તે બન્ને સમાન નથી.

આ પ્રમાણે સૌ પ્રથમ સ્થાનયોગ, વર્ણયોગ, અર્થયોગ ઈત્યાદિ ભાવો દ્વારા આત્માની વિશુધ્ધિ કરીને ઈચ્છા-પ્રવૃત્તિ-સ્થિરતા અને સિધ્ધિ સ્વરૂપે પરિણામ પામીને અનુક્રમે પ્રતિમાજી આદિ બાહ્ય આલંબન દ્વારા કાલાન્તરે નિરાલંબન અવસ્થામાં આવીને પોતાના આત્માના શુધ્ધસ્વરૂપનું જ અવલંબન ગ્રહણ કરીને પ્રીતિઅનુષ્ઠાન - ભક્તિઅનુષ્ઠાન આદિમાં પ્રવેશ કરતાં કરતાં અસંગ અનુષ્ઠાનમાં ગયેલો જીવ સર્વજ્ઞ બનીને અયોગી કેવળી અવસ્થા (૧૪ મું ગુણસ્થાન) પામીને સિધ્ધ થાય છે.